તાલુકા/જિલ્લા પંચાયતની સામાન્ય ચૂંટણી-૨૦૨૧, જિલ્લો ડાંગ

# ડાંગ જિલ્લામા તાલુકા/જિલ્લા પંચાયતની મત ગણતરી સંપન્ન

## તાલુકા/જિલ્લાની કુલ ૬૬ બેઠકો પૈકી કમળને ફાળે ૫૭ બેઠકો , પંજાને મળી ૯ બેઠકો

**મત ગણતરી અગાઉ જાહેર થયેલી જિલ્લા પંચાયતની ૨ બેઠકો તથા સુબીર તાલુકા પંચાયતની એક બેઠક પણ કમળના ખાતે ;**



(ડાંગ માહિતી બ્યુરો) **આહવા; તા; ૨;** ગત તા.૨૮મી ફેબ્રુઆરીએ રાજ્ય સમસ્તની જેમ ડાંગ જિલ્લામા પણ યોજાયેલી ૧૮ પૈકી ૧૬ બેઠકોની ચૂંટણી બાદ, આજે યોજાયેલી મત ગણતરી દરમિયાન ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારોને ૧૫ બેઠકો -ાપ્ત થઇ છે. જયારે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પાર્ટીના ઉમેદવારોને ફાળે ૧ બેઠક આવવા પામી છે. આ અગાઉ ડાંગ જિલ્લા પંચાયતની બિનહરીફ જાહેર થયેલી ૨ બેઠકો (૨-આહવા (૨), અને ૪-દગડીઆંબા) પણ ભારતીય જનતા પાર્ટીના ખાતે રહેવા પામી હતી. જેની સાથે ડાંગ જિલ્લાની કુલ ૧૮ બેઠકો પૈકી ૧૭ બેઠકો ઉપર કમળના ચિન્હવાળા ઉમેદવારો, અને ૧ બેઠક ઉપર હાથના પંજાના ચિન્હવાળા ઉમેદવારનો વિજય થવા પામ્યો છે. તેજ રીતે આહવા તાલુકા પંચાયતની ૧૬ બેઠકોની મત ગણતરી બાદ ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારોને ૧૩ અને ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પાર્ટીના ઉમેદવારોને ૩ બેઠકો મળી છે. વઘઈ તાલુકા પંચાયતની ૧૬ બેઠકોમાંથી ભારતીય જનતા પાર્ટીને ૧૪ અને ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસને ૨ તથા સુબીર તાલુકા પંચાયતની ૧૬ પૈકી એક બેઠક (૧-દહેર) આ અગાઉ જ બિનહરીફ જાહેર થતા કમળને ફાળે રહેવા પામી હતી. જયારે ૧૫ બેઠકો માટે યોજાયેલા મતદાન બાદ, આજે ૧૨ બેઠકો ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારોને, તથા ૩ બેઠકો ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પાર્ટીના ઉમેદવારોને ફાળે નોંધાતા સુબીર તાલુકામા ૧૩ બેઠકો કમળને, અને ૩ બેઠકો હાથના પંજાને ફાળે નોંધાવા પામી છે. ડાંગ જિલ્લા ચૂંટણી અધિકારી-વ-કલેકટર શ્રી એન.કે.ડામોરે ચૂંટણી કામગીરી સાથે સંકળાયેલા સૌ અધિકારીઓ, કર્મચારીઓ અને રાજકીય પાર્ટીઓના -તિનિધીઓને જિલ્લામા નિષ્પક્ષ અને પારદર્શી ચૂંટણી -ક્રિયા પાર પાડવા બદલ અભિનંદન પાઠવ્યા છે.

**ડાંગ જિલ્લા પંચાયત ;**

| ક્રમ | બેઠક | વિજેતા ઉમેદવાર | નિશાન | સરસાઈ |
|---|---|---|---|---|
| ૧ | ૧-આહવા (૧) | નીલમબેન દિલીપભાઈ ચૌધરી, | કમળ | ૧૪૧૦ |
| ૨ | ૨-આહવા (૨) | હેતલબેન શાન્તારામભાઈ ચૌધરી, | કમળ | બિન હરીફ |
| ૩ | ૩-બરડા | લાલભાઈ વાળલભાઈ ગાવિત, | કમળ | ૨૭૮ |
| ૪ | ૪-દગડીઆંબા | નિર્મળાબેન સુભાષભાઈ ગાઈન, | કમળ | બિન હરીફ |
| ૫ | ૫-ધવલીદોડ | ભરતભાઈ ભીખુભાઈ ભોયે | કમળ | ૪૬૮ |
| ૬ | ૬-ડોન | બીબીબેન રમેશભાઈ ચૌધરી, | કમળ | ૬૧૯ |
| ૭ | ૭-ગડદ | મુરલીધરભાઈ બાર્સુભાઈ બાગુલ, | કમળ | ૮૭ |
| ૮ | ૮-ગારખડી | વિજયભાઈ રામજુભાઈ ચૌધરી, | કમળ | ૧૭૯૪ |
| ૯ | ૯-જાખાના | મય્નાબેન બચુભાઈ બાગુલ, | કમળ | ૧૮૦૦ |
| ૧૦ | ૧૦-કડમાળ | લક્ષ્મીબેન મોહનભાઈ ચૌધરી, | કમળ | ૧૮૨૭ |
| ૧૧ | ૧૧-કાલિબેલ | ગીતાબેન મુકેશભાઈ પટેલ, | હાથ | ૨૫૨ |
| ૧૨ | ૧૨-કોશીમદા | મંગળભાઈ ગંગાજીભાઈ ગાવિત, | કમળ | ૭૯૦ |
| ૧૩ | ૧૩-નિશાણા | નિર્મળાબેન જગ્યાભાઈ ગામીત, | કમળ | ૧૮૬૨ |
| ૧૪ | ૧૪-સાકરપાતળ | સવિતાબેન મંગલેશભાઈ ભોયે, | કમળ | ૨૫૮૬ |
| ૧૫ | ૧૫-શામગહાન | ચંદરભાઈ સોમાભાઈ ગાવિત, | કમળ | ૩૬૬૯ |
| ૧૬ | ૧૬-સુબીર | નીલેશભાઈ બાબુભાઈ બાગુલ, | કમળ | ૨૯૯૭ |
| ૧૭ | ૧૭-ટાંકલીપાડા | સારુબેન મધુભાઈ વળવી, | કમળ | ૧૩૩૫ |
| ૧૮ | ૧૮-વઘઈ | હરેશભાઈ પોપટભાઈ બચ્છાવ, | કમળ | ૧૧૧૮ |

**કુલ બેઠકો ; ૧૮ (ભાજપા-૧૭, કોંગ્રેસ-૧)**

**આહવા તાલુકા પંચાયત ;**

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૧-આહવા (૧) | -ીતીબેન સુરેશભાઈ વાઘમારે, | કમળ | ૫૭૨ |
| ૨ | ૨-આહવા (૨) | નયનાબેન દીપકભાઈ પટેલ, | કમળ | ૫૮૮ |
| ૩ | ૩-આહવા (૩) | દીપકભાઈ અમરતભાઈ પિમ્પલે, | કમળ | ૮૬૫ |
| ૪ | ૪-ચિંચલી | વિજયભાઈ નામ્દેવભાઈ ચૌધરી, | હાથ | ૧૪૫ |
| ૫ | ૫-ધવલીદોડ | વિમલબેન રમેશભાઈ ભોયે, | હાથ | ૧૬૯ |
| ૬ | ૬-ડોન | વિજયભાઈ મહાદુભાઈ ચૌધરી, | કમળ | ૮૬ |
| ૭ | ૭-ગડદ | ઉર્મિલાબેન બાલુભાઈ ચૌર્યા, | કમળ | ૬૧ |
| ૮ | ૮-ગાઢવી | કમલેશભાઈ મોવજ્યાભાઈ વાઘમારે, | કમળ | ૬૬૦ |
| ૯ | ૯-ગલકુંડ | લક્ષ્મીબેન ચિન્તામણભાઈ ગવળી, | કમળ | ૨૧૩૨ |
| ૧૦ | ૧૦-કલમવિહિર | મહેશભાઈ નાનુભાઈ ગવળી, | હાથ | ૨૬૫ |
| ૧૧ | ૧૧-માલેગામ | અર્જુનભાઈ કાળુભાઈ ગવળી, | કમળ | ૨૦૭૫ |
| ૧૨ | ૧૨-નડગખાદી | કલ્પનાબેન મહેન્દ્રભાઈ વાઘેરા, | કમળ | ૧૯૮૦ |
| ૧૩ | ૧૩-પિંપરી | વનીતાબેન ભૂપેશભાઈ પવાર, | કમળ | ૧૨૮૦ |
| ૧૪ | ૧૪-શામગહાન | કમળાબેન હીરાભાઈ રાઉત, | કમળ | ૧૮૪૭ |
| ૧૫ | ૧૫-ટાંકલીપાડા | સુરેશભાઈ મોતીરામભાઈ ચૌધરી, | કમળ | ૧૮૫૨ |
| ૧૬ | ૧૬-વાસુરણા | દેવરામભાઈ રાજીરામભાઈ જાદવ, | કમળ | ૪૭૩ |

**કુલ બેઠકો ; ૧૬ (ભાજપા-૧૩, કોંગ્રેસ-૩)**

**વઘઈ તાલુકા પંચાયત ;**

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૧-બરડા | શકુંતલાબેન આનંદભાઈ પવાર, | કમળ | ૫૧૮ |
| ૨ | ૨-બારખાંધ્યા | વનીતાબેન કૈલાશભાઈ ભોયે, | કમળ | ૪૦૦ |
| ૩ | ૩-ચીંચીનાગાવ્ઠા | દક્ષાબેન સંજયભાઈ બંગાળ, | કમળ | ૭૩૬ |
| ૪ | ૪-ચિકાર | ભારતીબેન સાદુરામભાઈ પાલવે, | કમળ | ૨૦૭ |
| ૫ | ૫-દગડીઆંબા | ચંદરભાઈ માંન્ગ્યાભાઈ ગાવિત, | કમળ | ૧૮૨૩ |
| ૬ | ૬-ગોદડીયા | રતિલાલભાઈ ધર્માભાઈ માહલા, | કમળ | ૧૨૭ |
| ૭ | ૭-કાલિબેલ | કિશોરીબેન રાજુભાઈ ચૌધરી, | હાથ | ૪૬૮ |
| ૮ | ૮-ખાતળ | જીતેન્દ્રભાઈ દામુભાઈ પવાર, | કમળ | ૩ |
| ૯ | ૯-કોશીમદા | પાઉલકુમાર સુમનભાઈ ગામીત, | કમળ | ૧૨૮ |
| ૧૦ | ૧૦-મોટામાલુંન્ગા | પાંડુરંગભાઈ ગંગાભાઈ દેશમુખ, | હાથ | ૧૩૮ |
| ૧૧ | ૧૧-રંભાસ | રજુબેન મોહનભાઈ ગાવિત, | કમળ | ૧૨૦૦ |
| ૧૨ | ૧૨-સાકરપાતળ | સાવિત્રીબેન મન્સીરામભાઈ ગવળી, | કમળ | ૯૭૭ |
| ૧૩ | ૧૩-શિવારીમાળ | બળવંતભાઈ દૌલતભાઈ દેશમુખ, | કમળ | ૭૨૨ |
| ૧૪ | ૧૪-વઘઈ (૧) | આશાબેન -કાશભાઈ પટેલ, | કમળ | ૭૯ |
| ૧૫ | ૧૫-વઘઈ (૨) | નેહાબેન અજયભાઈ પટેલ, | કમળ | ૧૨૩૫ |
| ૧૬ | ૧૬-ઝાવડા | જશવંતભાઈ પરભુભાઈ સોલંકી , | કમળ | ૩૩ |

**કુલ બેઠકો ; ૧૬ (ભાજપા-૧૪, કોંગ્રેસ-૨)**

**સુબીર તાલુકા પંચાયત ;**

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૧-દહેર | રઘુનાથભાઈ કાશુભાઈ સાળવે, | કમળ | બિન હરીફ |
| ૨ | ૨-ગારખડી | સુનીતાબેન હરેશભાઈ બહિરામ, | કમળ | ૭૮૩ |
| ૩ | ૩-ગૌહાણ | બુધુભાઈ ગંગારામભાઈ કામડી, | કમળ | ૯૪૯ |
| ૪ | ૪-ગિરમાળ | સુબનભાઈ સોમાભાઈ ચૌર્યા, | કમળ | ૩૨૮ |
| ૫ | ૫-હન્વંતપાડા | ગુનાબેન રમણભાઈ ગાવિત, | હાથ | ૮૩૨ |
| ૬ | ૬-જામન્યામાળ | સુમિત્રાબેન મંગળભાઈ હિલીમ, | કમળ | ૬૫૩ |
| ૭ | ૭-કડમાળ | હીરાબેન નવલસિંગભાઈ પવાર, | હાથ | ૭૨ |
| ૮ | ૮-કેશબંધ | સુલોચનાબેન કિશોરભાઈ માળવી, | કમળ | ૫૩૩ |
| ૯ | ૯-ખાજુરના | રવીનાબેન સુનીલભાઈ ગાવિત, | કમળ | ૧૦૭૫ |
| ૧૦ | ૧૦-ખાંભલા | રતિલાલભાઈ કાશીરામભાઈ રાઉત, | કમળ | ૯૬૨ |
| ૧૧ | ૧૧-કિરલી | સુભાષભાઈ મોહનભાઈ પવાર, | કમળ | ૧૮૧ |
| ૧૨ | ૧૨-મહાલ | રાજુભાઈ કાશીરામભાઈ પવાર, | કમળ | ૩૫૫ |
| ૧૩ | ૧૩-માલગા | દેવરામભાઈ અર્જુનભાઈ ગવળી, | હાથ | ૧૨૩ |
| ૧૪ | ૧૪-નિશાણા | દિનેશભાઈ રમેશભાઈ હિલીમ, | કમળ | ૮૧ |
| ૧૫ | ૧૫-સાજુપાડા | -ીતીબેન અશ્વિનભાઈ ગામીત, | કમળ | ૧૮૭ |
| ૧૬ | ૧૬-સુબીર | સુનીતાબેન લગનભાઈ પવાર, | કમળ | ૩૪૦ |

**કુલ બેઠકો ; ૧૬ (ભાજપા-૧૩, કોંગ્રેસ-૩)**

**એકંદર કુલ ; ડાંગ જિલ્લા પંચાયત ; ભાજપા-૧૭, કોંગ્રેસ-૧, કુલ ; ૧૮**

**તાલુકા પંચાયતો ; ભાજપા-૪૦, કોંગ્રેસ-૮, કુલ ; ૪૮**

# દિવ્યપથ શાળામાં સ્તન કેન્સર અને ગર્ભાશય કેન્સર અંગે જાગૃતિ અભિયાન

**સુરત**

વૈશ્વિક સ્તરે સ્ત્રીઓમાં સર્વાઇકલ, ગર્ભાશયનું કેન્સર અને સ્તન કેન્સર એ મૃત્યુદરનું એક મુખ્ય કારણ છે. કેન્સર દરેકને જુદી જુદી રીતે અસર કરે છે. જાણકારીના અભાવે દર વર્ષે લગભગ વિશ્વની ૧૯૨,૦૦૦ સ્ત્રીઓ મૃત્યુ પામે છે. `મહિલાઓના સ્વાસ્થ્ય અધિકારે મુજબ યોગ્ય જ્ઞાન આદાન--દાન કરવાથી સ્ત્રીઓનો મૃત્યુઆંક ઘટાડી શકાય છે. સ્ત્રીઓમાં જાગૃતિ લાવવાના હેતુસર મેમનગર વિસ્તારમાં આવેલી દિવ્યપથ શાળામાં સ્તન કેન્સર અને ગર્ભાશયના કેન્સર અંગે સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. દિવ્યપથ શાળા ,આશીર્વાદ ફાઉન્ડેશન , લાયન્સ ક્લબ ઓફ શાહીબાગ અને લાયન્સ ક્લબ ઓફ



સંવેદના દ્વારા આયોજિત આ સેમિનારમાં શાળાના શિક્ષકોને કેન્સર અંગેની મહત્વપૂર્ણ માહિતી આપી હતી. ચીફ મેડિકલ ઓફિસર અને કાઉન્સેલર ડો. નિશા જોશી, સિદ્ધિવિનાયક હોસ્પિટલ દ્વારા વિશ્વભરની મહિલાઓમાં સૌથી સામાન્ય કેન્સર વિશે ચર્ચા કરી હતી.તેણીને કેન્સરથી સંબંધિત તમામ શિક્ષકોને શિક્ષિત કરવાની ઉત્સુકતા દર્શાવી હતી અને કેન્સરની સારવાર અને કેન્સર નિવારણ વિશે -રંભિક સ્ક્રીનીંગ મહત્વપૂર્ણ છે તેની સમજ આપી હતી. આ -કારની સ્વજાગૃતિ દ્વારા મહિલાઓનું જીવન બચાવી શકાય છે.

# લાયન્સ ક્લબ શાહીબાગના ડો.પી.બી.પટેલ દ્વારા દિવ્યપથ શાળામાં કેન્સર અંગે સેમિનારનું આયોજન



**સુરત**

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન (ષ્ઠ્વ) ના અનુસાર, કેન્સર એ બીજો સૌથી જીવંત રોગ છે. જે લોકોમાં મૃત્યુનું કારણ બને છે. માટે દર વર્ષે વિશ્વ કેન્સર દિવસ ૪ ફેબ્રુઆરીએ ઉજવવામાં આવે છે. આ દિવસની ઉજવણીનો મુખ્ય હેતુ લોકોને કેન્સરના ગંભીર જોખમ વિશે શિક્ષિત કરે છે. કેન્સર જેવા રોગના નિદાન, ઉપચાર અને નિવારણ અંગે શિક્ષણ આપવાના હેતુસર મેમનગર વિસ્તારમાં આવેલી દિવ્યપથ શાળામાં આચાર્ય શ્રી સંજય પટેલ દ્વારા તા-૨૭ ફેબ્રુઆરી ૨૦૨૧ ના રોજ ધોરણ ૧૦ અને ૧૧ ના વિદ્યાર્થીઓ માટે કેન્સર વિશે એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. સેંકડો સંશોધનકારો, વૈજ્ઞાનિકો, ફાર્માકોલોજિસ્ટ્સ, ઓન્કોલોજિસ્ટ્સ અને અન્ય આરોગ્યસંભાળ પ્રદાતાઓની સખત મહેનત અને સમર્પણ દ્વારા કેન્સરના નિવારણની શોધો સંદર્ભે આ?ર્યજનક પ્રગતિ થઈ છે. તેવા સંજોગોમાં વિદ્યાર્થીઓને શિક્ષણ લક્ષી સમજ કેળવવી જરૂરી છે. આ મહત્વપૂર્ણ સેમિનાર માટે ગુજરાતના મહાન ઓન્કોલોજિસ્ટ અને લાયન્સ ક્લબ શાહીબાગ ના સભ્ય એવા શ્રી ડૉ. પી.બી. પટેલે કેન્સર , કેન્સરનું કારણ, કેન્સરની અસર અને કેન્સર નિવારણ વિશે માહિતી આપી હતી. તેઓએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા સાથે પ્રેરણા આપી અને કેન્સરને રોકવા માટે વિદ્યાર્થીઓ કેવી મહત્વની ભૂમિકા ભજવે તે અંગે શિક્ષણ આપ્યું હતું. વિદ્યાર્થીઓ ને મુંઝવતા પ્ર`ો માટે અલગથી છેલ્લે સખેલી ૧૫ મિનિટમા લગભગ ૨૫થી વધારે વિદ્યાર્થીઓ એ પ્ર`ો પૂછ્યા હતા જેના સંતોષકારક જવાબથી વિદ્યાર્થીઓ ખુશ થયા હતા.

દિવનાં બે પોલિસકર્મીઓ દ્વારા

# સ્વેચ્છિક સેવાનિવૃત્તી માંગતા પોલિસ સ્ટાફ દ્વારા ભાવપૂર્વક વિદાય આપવામાં આવી

**'પી.એસ.આઇ. દિપક વાજા અને હેડ કોન્સ્ટેબલ જીતેન્દ્ર સોમચંદ ને એસ.પી. અનુજ કુમાર નાં હસ્તે સન્માનિત કરી વિદાયમાન કરાયા**

(જનાદેશ દીવ) દિવ પોલિસ હેડ ક્વાર્ટર ફૂદમ ના સભાખંડ ખાતે પી.એસ.આઈ. દિપક વાજા અને હેડ કોન્સ્ટેબલ જીતેન્દ્ર સોમચંદ દ્વારા સ્વેચ્છિક સેવાનિવૃત્તી માંગતા દિવ પોલિસ સ્ટાફ દ્વારા ભાવપૂર્વક વિદાય આપવામાં આવી. દિવ પી.એસ.આઈ. દિપક વાજા ૧૯૮૨ થી લઈને અત્યાર સુધી એમ કુલ ૩૯ વર્ષ પોલિસ તરીકે ની ફરજ બજાવી. તેઓએ દમણ ખાતે પણ ફરજ બજાવી હતી. સાથે જીતેન્દ્ર સોમચંદ એ પણ ૧૯૮૬ થી પોલિસ વિભાગ માં ફરજ બજાવી. દિવ પોલિસ સ્ટાફ દ્વારા હેડ ક્વાર્ટર ફૂદમ ના સભાખંડ માં વિદાય સમારોહ યોજવામાં આવ્યો. આ પ્રસંગે દિવ જિલ્લા એસ.પી. અનુજ કુમાર ના કરકમલો દ્વારા સાલ ઓઢાડી સ્મૃતિચિન્હ તેમજ ભેટ અર્પણ કરી બંને પોલિસકર્મીઓ ને સન્માનિત કરવામાં આવ્યા. સાથે ઊપસ્થિત તમામ પોલિસકર્મીઓ દ્વારા પુષ્પગુચ્છ અને પુષ્પો આપી બંને ને ભાવપૂર્વક વિદાય આપવામાં આવી. આ પ્રસંગે દિવ પી.આઇ. પંકેશ ટંડેલે બંને વિદાય લેનાર પોલિસકર્મીઓ ની કાર્યશૈલી પર પ્રકાશ પાડ્યો હતો. તેમજ આગળ નું જીવન તંદુરસ્ત તેમજ પારિવારિક જીવન સારું રહે તે માટે શુભકામના પાઠવી હતી. બંને પોલિસકર્મીઓ એ પોતાના સેવાકાલ દરમિયાન કરવામાં આવેલ કામગીરીઓ અને અનુભવો પ્રસ્તુત કર્યા. ત્યારબાદ દિવ જિલ્લા એસ.પી. અનુજ કુમારે જણાવ્યું કે ડિપાર્ટમેન્ટ ને બંને પોલિસકર્મીઓ ની કમી ખટકશે, વધુમાં બંને પોલિસકર્મીઓ ની કામગીરી અને બહાદુરી થી ફરજ નિભાવવા પર પ્રકાશ પાડી તેઓનું તંદુરસ્ત સ્વાસ્થ્ય તેમજ પારિવારિક જીવન સારું રહે તે માટે ઈશ્વર પાસે પ્રાર્થના કરી. આ પ્રસંગે પી.એસ.આઈ. પુનિત મીણા સહિત સંપૂર્ણ પોલીસ સ્ટાફ ઊપસ્થિત રહી બંને પોલિસકર્મીઓ ને ભાવપૂર્વક વિદાય આપવામાં આવી.

केनरा बैंक Canara Bank
भारत सरकार का उपक्रम A Govt. of India Undertaking
सिंडिकेट Syndicate

એઆરએમ II શાખા, મુંબઇ
૩ જી માળ, કેનેરા બેંક બિલ્ડિંગ, આદિ માર્ઝબન સ્ટ્રીટ, મુંબઇ -૪૦૦૦૦૧.
Tel. No. : (022) 22651128 / 29
Email : cb6289@canarabank.com

**સુધારણા**

વેચાણ સૂચના તા. ૧૬.૦૨.૨૦૨૧ ૧૮.૦૨.૨૦૨૧ પર ફ્રી પ્રેસ માં પ્રકાશિત મુંબઈ એડિશનમાં જર્નલ અને નવશક્તિ અને સિલ્વાસા એડિશન ઇન મેસેન્જર માં સિલ્વાસા મિરર અને જનાદેશ મેટલ મોલ્ડિંગ અને પ્રેશરિંગ કામો. આ રીતે વાંચવા માટેની મિલકતનું વર્ણન - સરકારી ઔદ્યોગિક, પ્લોટ નંબર ૧૦૯ પર ફેક્ટરી જમીન અને મકાન એસ્ટેટ, વિલેજ મસાત, સિલ્વાસા એડમ્યુઝિંગ ૧૦૦૦ ચો.મી. માઉન્ટ. મે.ના નામે ઉભા. યુનિટમાં ઉપલબ્ધ હાયપોથિકેટેડ પ્લાન્ટ અને મશીનરીઓ સાથે મેટલ મોલ્ડિંગ અને પ્રેસિંગ વર્ક્સ.

**તારીખ: ૦૨.૦૩.૨૦૨૧**
**સ્થળ : મુંબઇ**

**સહી/-**
**અધિકૃત અધિકારી**
**કેનેરા બેંક, એઆરએમ-II બ્રાંચ**

સંઘ પ્રદેશ પ્રશાસન

દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવ

મહેસૂલ વિભાગ

સિલવાસા

નં.RD/MAM(S)/EODB/Digitization/2020/1042 તારીખ: 26/02/2021

ઇ ટેન્ડર નોટિસ

ભારત ના રાષ્ટ્રપતિ વતી ઈ- ટેન્ડર સુચના મામલતદાર (એસ), દાદરા અને નગર હવેલી દ્વારા નીચે દર્શાવેલ ચીજ વસ્તુઓ મહેસૂલ વિભાગ, દા.ન.હ. માટે હાર્ડવેર અને સોફ્ટવેર લાઇસન્સ આપવાના દર કરાર માટે અધિકૃત એજન્સી / સેવા પ્રદાતાઓ તરફથી https://dnhtenders.gov.in/nicgep પર ઓનલાઇન ટેન્ડર મંગાવા માટે.

1. 1) વર્ષ 2020-21 માટે મહેસૂલ વિભાગ, દા.ન.હ. માટે હાર્ડવેર અને સોફ્ટવેર લાઇસન્સ આપવા ઇ-ટેન્ડર જેની અંદાજીત કિંમત: રૂ .10,00,000/- રાખવામાં આવેલ છે . બિડ રજૂ કરવાની છેલ્લી તારીખ: 05/03/2021 છે. www.dnh.gov.in પરથી ટેન્ડર ડાઉનલોડ કરી શકાય છે.

Sd/-
ટી. એસ. શર્મા
મામલતદાર (એસ)
દાદરા અને નગર હવેલી
સિલવાસા
ઈ-મેલ :- mdar-dnh@nic.in
ફોન :- 0260-2642089

**No. IP/DNH/ADVT/2021/54**
**Silvassa dt. 02.03.2021**

**ફોર્મ જી - એક્સપ્રેસન ઓફ ઇન્ટરેસ્ટ રજુ કરવા માટે આમંત્રણ**
**નાદારી અને નાદારી નિયમન (નિયમન પ્રક્રિયામાં કોર્પોરેટ વ્યક્તિઓ માટેના નિરાકરણ પ્રક્રિયા) નિયમો ૨૦૧૬ ની નિયમન ૩૬ એ (૧) હેઠળ**

| સંબંધિત વિગતો | | |
|---|---|---|
| 1. | કોર્પોરેટ દેવાદારનું નામ | કૃષ્ણ નિટવેર ટેક્નોલોજી લિમિટેડ |
| 2. | કોર્પોરેટ દેવાદારની સ્થાપનાની તારીખ | 23.08.1982 |
| 3. | સત્તાધિકાર હેઠળ કોર્પોરેટ દેવાદાર શામેલ / નોંધાયેલ | કંપનીઓના રજિસ્ટ્રાર, અમદાવાદ |
| 4. | કોર્પોરેટ ઓળખ નંબર / કોર્પોરેટ દેવાદારની મર્યાદિત જવાબદારી ઓળખ નંબર | U17119DN1982PLC000092 |
| 5. | કોર્પોરેટ દેવાદારના રજિસ્ટર્ડ ઓફિસ અને મુખ્ય કચેરી (જો કોઈ હોય તો) નો સરનામું | ગામેં સમારવરની, કૃષ્ણ નગર, સેલવાસ, સંઘ પ્રદેશ દાદરા અને નગર હવેલી - ૩૯૬૨૩૦, ભારત |
| 6. | કોર્પોરેટ દેવાદારના સંદર્ભમાં નાદારીની શરૂઆતની તારીખ | 13.01.2020 (Order uploaded on 28.01.2020) |
| 7. | રસ ધરાવો છો તે માટે આમંત્રણની તારીખ | 02.03.2021 |
| 8. | કોડે મુજબ કલમ ૨૫ (૨) (એચ) અંતર્ગત રેસોલુશન ઉમેદવારોની પાત્રતા જોવા મળશે | Details are available at – www.kktl.in (Document Title: Detailed Invitation for Expression of Interest) |
| 9. | કલમ ૨૯ એ મુજબ બિન-પાત્રતા માટેના નિયમો ઉપલબ્ધ છે | These norms are available in Section29A of the Insolvency and Bankruptcy Code or are available at– www.kktl.in (Document Title: Detailed Invitation for Expression of Interest) |
| 10. | એક્સપ્રેસન ઓફ ઇન્ટરેસ્ટ મેળવાની છેલ્લી તારીખ | 04.03.2021 |
| 11. | સંભવિત ઠરાવ અરજદારોની અસ્થાયી સૂચિ ઇશ્યૂ કરવાની તારીખ | 05.03.2021 |
| 12. | અસ્થાયી સૂચિના વાંધાઓ રજૂ કરવા માટેની છેલ્લી તારીખ | 10.03.2021 |
| 13. | સંભવિત ઠરાવ અરજદારોની અંતિમ સૂચિ ઇશ્યૂ કરવાની તારીખ | 11.03.2021 |
| 14. | માહિતી મેમોરેન્ડમ, મૂલ્યાંકન મેટ્રિક્સ અને સંભવિત ઠરાવ અરજદારોને રિઝોલ્યુશન પ્લાનની વિનંતીની તારીખ | 11.03.2021 |
| 15 | રીઝોલ્યુશન પ્લાન, મૂલ્યાંકન મેટ્રિક્સ, માહિતી મેમોરેન્ડમ અને વધુ માહિતી માટે અરજીઓ મેળવવાની રીત | નાદારી અને નાદારી બોર્ડ ઓફ ઇન્ડિયા (કોર્પોરેટ વ્યક્તિઓ માટે નાદારી -ક્રિયા) ના નિયમો, ૨૦૧ ૨૦૧૬ ની નિયમન ૨૦૧૬ ૩૬ બીની જોગવાઈઓ અનુસાર અને આગળની ઇમેઇલ આઇડી cirp.kktl@gmail.com |
| 16 | રિઝોલ્યુશન સબમિશન માટેની છેલ્લી તારીખ | 10.04.2021 |
| 17 | રિઝોલ્યુશન રિઝોલ્યુશન માટે રિઝોલ્યુશન યોજનાઓ રજૂ કરવાની રીત | અ) ઇલેક્ટ્રોનિક માધ્યમ થકી કોષ્ટક નંબર ૨૧ માં જણાવેલ ઇમેઇલ - આઇડી માં અને ટપાલ અથવા જાતે સિલબંદ કવરમાં કોષ્ટક ૨૧ માં જણાવેલ એડ્રેસ પાર મોકલવાનું રહેશે |
| 18 | મંજુરી આપનાર સત્તાધિકારને રિઝોલ્યુશન યોજના રજૂ કરવાની અંદાજિત તારીખ | 16.04.2021 |
| 19 | રિઝોલ્યુશન પ્રોફેશનલનું નામ અને નોધણી નંબર | શ્રી બિજેન્દ્રકુમાર મિશ્રા, નોધણી નંબર Registration No.: IBBI/IPA-002/IP-N00109/2017-2018/10257 |
| 20 | રિઝોલ્યુશન પ્રોફેશનલનું નામ, સરનામું અને ઇમેઇલ, બોર્ડ સાથે નોધાયેલા તરીકે | શ્રી બિજેન્દ્રકુમાર મિશ્રા, ફ્લેટ નંબર ૨૦૨, બીજો માળ, ભોજ ભવન, પ્લોટ નંબર ૧૮- ડી, શિવપુરી-સાયન-ટ્રોમ્બે રોડ, ચેમ્બુર (પૂર્વ), મુંબઈ - ૪૦૦૦૭૧, મહારાષ્ટ્ર Email ID: mishrabk1959@gmail.com |
| 21 | રિઝોલ્યુશન પ્રોફેશનલ સાથે પત્રવ્યવહાર માટે ઉપયોગમાં લેવાતા સરનામું અને ઇમેઇલેં | ફ્લેટ નંબર ૨૦૨, બીજો માળ, ભોજ ભવન, પ્લોટ નંબર ૧૮- ડી, શિવપુરી-સાયન-ટ્રોમ્બે રોડ, ચેમ્બુર (પૂર્વ), મુંબઈ - ૪૦૦૦૭૧, મહારાષ્ટ્ર Email ID (for correspondence): cirp.kktl@gmail.com |
| 22 | વધુ વિગતો પર ઇમેઇલ મોકલીને મેળવી શકાય છે | This can be obtained by sending a request email at cirp.kktl@gmail.com |
| 23 | ફોર્મ પ્રકાશનની તારીખ જા | 03.03.2021 |

**સહી/-**
**શ્રી બિજેન્દ્રકુમાર મિશ્રા**
**રિઝોલ્યુશન વ્યાવસાયિક**
**કૃષ્ણ નિટવેર ટેક્નોલોજી લિમિટેડ**
આઇબીબીઆઈ નોધણી નંબર ibbi/ipa-002/ip-n00109/2017-2018/10257
પ્રક્રિયા માટેનું ઇમેઇલઆઇડી email : id : cirp.kktl@gmail.com
આઇબીબીઆઈનોધાયેલ ઇમેઇલ આઇડી mishrabk1959@gmail.com
**રિઝોલ્યુશન વ્યાવસાયિકનું એડ્રેસ**
ફ્લેટ નંબર ૨૦૨, બીજો માળ, ભોજ ભવન, પ્લોટ નંબર ૧૮- ડી,
શિવપુરી-સાયન-ટ્રોમ્બે ચેમ્બુર (પૂર્વ), મુંબઈ - ૪૦૦૦૭૧, મહારાષ્ટ્ર
પ્લોટ નં. ૧૮-ડી, શિવપુરી, સાયન ટ્રોબી રોડ, ચેબુંર (પુર્વ) મુંબઇ ૪૦૦૦૭૧, મહારાષ્ટ્ર
**તારીખ: ૦૩.૦૩.૨૦૨૧**
**સ્થળ: મુંબઇ**